અકસ્માતના પગલે વિસ્તારમાં ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઇ

સાવલીના વસંતપુરા નજીક ત્રણ વાહનોને અકસ્માતમાં એકનુ મોત

દૂધ ભરેલું ટેન્કર, એક પિકઅપ વાહન અને બાઈક વચ્ચે ભયાનક ટક્કર સર્જાઈ

(પ્રતિનિધિ) સાવલી, તા.20

સાવલી તાલુકાના વસંતપુરા નજીક ત્રણ વાહનોને અકસ્માત થતા 40 વર્ષીય બાઈક ચાલકનું ઘટનાસ્થળે કરુણ મૃત્યુ નીપજ્યું છે સાવલી તાલુકામાં આવેલ વસંતપુરા ગામ નજીક આજે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો મળતી માહિતી મુજબ દૂધ ભરેલું ટેન્કર, એક પિકઅપ વાહન અને બાઈક વચ્ચે ભયાનક ટક્કર સર્જાઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે બાઈક ચાલક પ્રવીણભાઈ રણછોડભાઈ ચૌહાણ રહે મણિપુર તા સાવલી જી વડોદરા નું ઘટનાસ્થળે જ કરુણ મૃત્યુ નિપજ્યું હતું. બનાવના પગલે તાત્કાલિક આસપાસના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. અકસ્માતમાં અન્ય કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેઓને બહાર કાઢીને તાત્કાલિક સારવાર માટે સાવલી જન્મોત્રી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ઘટનાની જાણ થતાં જ સાવલી પોલીસ તરત જ સ્થળ પર પહોંચી પહોંચી હતી અને પોલીસે ટેન્કર, પિકઅપ અને બાઈક વચ્ચે ટક્કર કેવી રીતે થઈ તેની વિગતવાર તપાસ શરૂ કરી છે. જ્યારે અકસ્માતના પગલે વિસ્તારમાં ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી, જેને પોલીસે ટ્રાફિક પૂર્વતત કર્યો હતો રીતે સંભાળી વાહન વ્યવહાર ફરી શરૂ કરાવ્યો હતો. અને પોલીસે મૃતક ના શબ નો કબજો લઈ પીએમ કરાવવા તજવીજ હાથ ધરી છે

ફતેગંજ પાસે રોંગ સાઇડથી આવેલી કાર ચાલક સહિતના લોકોએ યુવાનને માર માર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં રાત્રિના સમયે રોંગ સાઇડથી આવેલી કારના ચાલકો દ્વારા એક યુવાન અને તેના ભાઈ સાથે ગાળો આપી મારપીટ કરવામાં આવી હતી. બનાવમાં યુવાનને હાથમાં ઈજા પહોંચતા પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ગીર સોમનાથના રોણાજ ગામે રહેતા હાર્દિક બોઘાભાઈઆહીર (ઉ.વ. ૨૩) એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓએ બીટીપીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ હાલમાં ફિઝિયોથેરાપી ક્ષેત્રમાં કાર્યરત છે. તા. ૨૦/૦૪/૨૦૨૬ની રાત્રે અંદાજે અઢી વાગ્યાના સમયે હાદીકભાઈ તેમના ભાઈ હિરેન સાથે ઈલોરાથી એમ.એસ. યુનિવર્સિટી હોસ્ટેલ તરફ જઈ રહ્યા હતા. તેમણે પોતાની સ્કૂટર ફતેગંજ બ્રિજ નીચે પાર્ક કરી હતી અને તેને લેવા જતા હતા. દરમિયાન જૂના વુડા સર્કલ પાસે પહોંચતા સામેથી રોંગ સાઇડથી આવેલી કાળા રંગની કાર તેમની બાજુમાંથી પસાર થઈ હતી.

ઉનાળાની ઋતુ દરમિયાન મુસાફરોની સુવિધા માટે વડોદરા ડિવિઝન પ્રતિબદ્ધ

ડિવિઝનલ રેલવે મેનેજરે વડોદરા સ્ટેશન પર ભીડ વ્યવસ્થાપન વ્યવસ્થાની સમીક્ષા કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકેએ આજે વડોદરા સ્ટેશનની મુલાકાત લીધી હતી અને ઉનાળાની ઋતુ દરમિયાન મુસાફરોને પૂરી પાડવામાં આવતી સુવિધાઓ અને ભીડ વ્યવસ્થાપન વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. પશ્ચિમ રેલ્વેના ડિવિઝનલ રેલ્વે મેનેજર,રાજુ ભડકેએ તમામ અધિકારીઓ અને સ્ટેશન સ્ટાફને મુસાફરોની સુવિધા માટે સ્ટેશન પર તમામ વ્યવસ્થાઓનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો, જેથી આ સમયગાળા દરમિયાન મુસાફરોને કોઈ અસુવિધાનો સામનો ન કરવો પડે. મુસાફરોના વધારાના ધસારાને ધ્યાનમાં રાખીને, વડોદરા ડિવિઝન દ્વારા ભીડ વ્યવસ્થાપન માટે ખાસ પ્રયાસો કરવામાં આવ્યા છે. આ માટે, વડોદરા સ્ટેશન પર 350 ચોરસ મીટરનો હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યો છે, જ્યાં મુસાફરો તેમની ટ્રેન આવે તે પહેલાં આરામ કરી શકે છે. હોલ્ડિંગ એરિયા બેસવાની વ્યવસ્થા, સ્વચ્છ પીવાનું પાણી અને પૂરતી લાઈટિંગ જેવી મૂળભૂત સુવિધાઓથી સજ્જ છે. મુસાફરોને મદદ કરવા માટે રાઉન્ડ ધ ક્લોક ટિકિટ ચેકિંગ અને વધારાના રેલવે પ્રોટેક્શન ફોર્સ સ્ટાફ તૈનાત કરવામાં આવ્યા છે, જેથી તેમને કોઈ અસુવિધા ન થાય. મુસાફરોને ટિકિટ મેળવવામાં કોઈ અસુવિધા ન થાય તે માટે, વડોદરા સ્ટેશન પર વધારાના બુકિંગ કાઉન્ટર ખોલવામાં આવ્યા છે. ટિકિટ ચેકર્સ દ્વારા ટિકિટ મેળવવાની સુવિધા માટે મોબાઈલ ટિકિટિંગ પણ લાગુ કરવામાં આવ્યું છે. સ્ટેશન પર મુસાફરોના ટ્રાફિક પર સતત નજર રાખવામાં આવે છે, અને સીસીટીવી કેમેરા મુસાફરોની સલામતી પર નજર રાખી રહ્યા છે. પશ્ચિમ રેલવેનો વડોદરા વિભાગ બધાને ટિકિટ ખરીદવા અને ટ્રેનમાં મુસાફરી કરવા અને સ્ટેશન પર રેલવે સ્ટાફ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરે છે. પશ્ચિમ રેલવે મુસાફરો માટે અનુકૂળ અને આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

દાહોદ જિલ્લામાં ચૂંટણી દરમ્યાન "ડ્રાય ડે" જાહેર

દારૂ વેચાણ અને પીરસવા પર પ્રતિબંધ, ભંગ કરનાર સામે કડક કાર્યવાહી થશે

(પ્રતિનિધિ) દાહોદ, તા.20

દાહોદ જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી જે.એમ રાવલ દ્વારા જાહેરનામું બહાર પાડી જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી-૨૦૨૬ને અનુલક્ષીને "ડ્રાય ડે" જાહેર કરવામાં આવ્યો છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ દાહોદ જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર છે.

તા. ૦૧ એપ્રિલ ૨૦૨૬થી જિલ્લામાં આદર્શ આચાર સંહિતા અમલમાં છે. મતદાન તા. ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ અને મતગણતરી તા. ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાનાર છે. ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ મતદારો નિર્ભયપણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૧૪૨ હેઠળ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા દાહોદ જિલ્લામાં દારૂના વેચાણ અને પીરસવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

આદેશ અનુસાર લાયસન્સ ધરાવતા કલબ, હોટલ, રેસ્ટોરન્ટ સહિત કોઈપણ સ્થળે દારૂ વેચાણ અથવા પીરસવા પર પ્રતિબંધ રહેશે. આ સમયગાળાને "ડ્રાય ડે" તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિઓ સામે કાયદેસર કડક કાર્યવાહી કરવામાં આવશે. જેમાં પ્રોહિબિશન કાયદા ઉપરાંત મુંબઈ પોલીસ એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતા (BNS) હેઠળ ગુનો દાખલ કરવામાં આવશે. જિલ્લા પ્રશાસન દ્વારા પોલીસ અધિકારીઓને જાહેરનામાની કડક અમલવારી સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે.

સાથે જ આ જાહેરનામાની માહિતી જનતા સુધી પહોંચે તે માટે અખબારો, ઈલેક્ટ્રોનિક મીડિયા અને જાહેર સ્થળોએ વ્યાપક પ્રસાર કરવામાં આવશે. જિલ્લા વહીવટીતંત્રએ તમામ નાગરિકોને જાહેરનામાનું પાલન કરવા અપીલ કરી છે જેથી શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણી યોજી શકાય.

જીએસટીએન પોર્ટલની ટેક્નિકલ ખામીઓથી વેપારીઓ પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

જીએસટીએન પોર્ટલ છેલ્લા કેટલાંક દિવસોથી સતત ધીમું ચાલતું હોવા ઉપરાંત વારંવાર બંધ થઈ જતું હોવાથી ટેક્સ પ્રોફેશનલ્સ તથા વેપારીઓને માર્ચ-2026ના જી.એસ. ટી.આર.-3બી રિટર્ન ભરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ દ્વારા તા. 20 એપ્રિલ, 2026ના રોજ માનનીય કેન્દ્રીય નાણામંત્રી, સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સેસ એન્ડ કસ્ટમ્સના ચેરમેન તથા ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ નેટવર્ક, નવી દિલ્હી સ્થિત કમિશનરને ઈમેઈલ મારફતે રજૂઆત કરવામાં આવી છે. રજુઆતમાં માર્ચ-2026ના જી.એસ. ટી.આર.-3બી રિટર્ન ભરવાની નિયત તારીખમાં વધારો કરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ જીએસટીએન પોર્ટલની ટેક્નિકલ ખામીઓને કારણે વેપારીઓ પર કોઈપણ પ્રકારની લેટ ફી અથવા દંડ ન લગાડવા માટે પણ વિનંતી કરાઈ છે.

ઉમેદવારોને પોતપોતાના વિસ્તારમાં લઈ જવા બાબતે વડોદરા ભાજપમાં 'વોર્ડ વોર'

મોડી રાત્રે ચૂંટણી કાર્યાલય પર પૂર્વ કાઉન્સિલર અને વોર્ડ પ્રમુખ વચ્ચે જામી ઉગ્ર બોલાચાલી

ઉમેદવારોને પોતાના વિસ્તારમાં લઈ જવા બાબતે નેતાઓ સામસામે, કાર્યકરોએ વચ્ચે પડી મામલો થાળે પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ગરમાવા વચ્ચે વડોદરા ભાજપમાં આંતરિક ખેંચતાણની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. ગત મોડી રાત્રે શહેરના વોર્ડ નંબર 18 ના ભાજપ ચૂંટણી કાર્યાલય પર પ્રચારના આયોજન મુદ્દે પૂર્વ કાઉન્સિલર અને વોર્ડ પ્રમુખ સામસામે આવી ગયા હતા. ઉમેદવારોને પોતપોતાના વિસ્તારમાં લઈ જવા બાબતે બંને પક્ષે ભારે વાકયુદ્ધ સર્જાયું હતું. વાત એટલી હદે વણસી હતી કે એક તબક્કે હાથાપાઈ સુધી આવી ગઈ હતી.

મળતી વિગતો અનુસાર, વડોદરા મહાનગરપાલિકાની આગામી ચૂંટણી માટે માંજલપુર વિધાનસભા હેઠળ આવતા વોર્ડ નંબર 18 માં ભાજપ દ્વારા ઉમેદવારો જાહેર કરાયા બાદ સંગઠનમાં ક્યાંકને ક્યાંક અસંતોષ જોવા મળી રહ્યો છે.

ગત મોડી રાત્રે જ્યારે ચૂંટણી કાર્યાલય પર કાર્યકરો અને હોદ્દેદારો ઉપસ્થિત હતા, ત્યારે ઉમેદવારોના પ્રચાર અને તેમને ચોક્કસ વિસ્તારોમાં લઈ જવાના મુદ્દે પૂર્વ કાઉન્સિલર અને વોર્ડ પ્રમુખ વચ્ચે મતભેદ ઉભો થયો હતો. આ વિવાદ એટલો વધ્યો હતો કે બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ ગઈ હતી અને હાથાપાઈ સુધી ઉગ્ર બની ગઈ હતી. કાર્યાલય પર જ નેતાઓ વચ્ચે થતી આ ઉગ્ર દલીલોને પગલે વાતાવરણ તંગ બની ગયું હતું. જોકે, સ્થિતિ વધુ વણસે તે પહેલાં જ ત્યાં હાજર રહેલા અન્ય સક્રિય કાર્યકરોએ સમયસૂચકતા વાપરી હતી. કાર્યકરોએ વચ્ચે પડીને બંને પક્ષોને શાંત પાડ્યા હતા અને સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. ચૂંટણીના આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે શિસ્તબદ્ધ ગણાતી પાર્ટીના પદાધિકારીઓ વચ્ચે જાહેરમાં થયેલી આ ઉગ્ર બોલાચાલીએ રાજકીય આલમમાં ચર્ચા જગાવી છે. કાર્યકરો દ્વારા મામલો શાંત તો પાડી દેવાયો છે, પરંતુ આ આંતરિક કલહ આગામી દિવસોમાં ચૂંટણી પ્રચાર પર કેવી અસર કરે છે તે જોવું રહ્યું.

ટ્રાફિક પોઇન્ટ પર પોલીસ કર્મચારીઓની પોલમપોલ

ટ્રાફિક બ્રિગેડના જવાનો પર સિગ્નલની તમામ જવાબદારી નાખી રફુચક્કર થઇ જતા હોવાના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

શહેરમાં ટ્રાફિક પોલીસ કર્મચારીઓ સરકાર પાસેથી તગડો પગાર વસૂલ કરતા હોવા છતાં નક્કી કરેલા કલાકો પુરતી પણ કામગારી કર્યાં વિના સ્થળ પરથી ફરાર થઇ જાય છે. સવાર અને સાંજે પોઇન્ટ પર બાદ ગણતરી કલાકોમાં જ રફુચક્કર થઇ જાય છે. જેને લઇને વાહનચાલકો ટ્રાફિક નિયમનો ભંગ કરતા હોય ઘણીવાર અકસ્માત પણ સર્જાતા હોય છે. વડોદરા શહેરમાં અલગ અલગ વિસ્તારમાં ટ્રાફિકના સિગ્નલ ભંગ કરવાના કારણે તથા ઓવર સ્પીડમાં વાહન ચલાવવાના કારણે અકસ્માત થાય છે. જેમાં નિર્દોષ લોકોને ભોગ લેવાતો હોય છે.

ત્યારે ટ્રાફિકના પોઇન્ટ પર ટ્રાફિક પોલીસ જવાનો સમયસર અને પ્રામાણિક રીતે ફરજ બજાવે તો વાહન ચાલકો પર ઓવર સ્પીડ તથા ટ્રાફિક સિગ્નલના ભંગ સાથે અકસ્માત પણ રોકી શકાય છે. પરંતુ મોટાભાગ ટ્રાફિક પોલીસ કર્મચારીઓ સરકારી પાસેથી તગડો પગાર વસૂલ કરતા હોય છે પરંતુ હજુ સુધી ટ્રાફિકની નોકરી કરતા નથી અને સ્થળ પરથી રફુચક્કર થઇ જાય છે. જેમાં ટ્રાફિક પોલીસની બે શિફ્ટમાં પોઇન્ટ પર ટ્રાફિક પોલીસ કર્મચારીઓની નોકરી બોલાતી હોય છે. પરંતુ ટ્રાફિક પોલીસ કર્મચારીઓ માત્ર પોઇન્ટ પર મોઢુ બતાવવા પુરતી કામ કરી રવાના થઇ જાય છે. ત્યારબાદ બ્રિગેડના કર્મચારીઓ પર ટ્રાફિક કલીયરન્સની કામગીરીનો ભાર નાખી પોતે નો દો ગ્યારાહ થઇ જાય છે.

બે શિફ્ટમાં ચાલતી ટ્રાફિક પોલીસની નોકરી, પણ એક શિફ્ટના કર્મચારી પુરતા કલાક જોવા મળતા નથી

ટ્રાફિક પોલીસ વિભાગ બે ઝોનમાં વહેચી નાખવામાં આવ્યો છે. જેમાં પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં આવેલા પોઇન્ટ પર સવારના આઠથી 12 અને ત્યારબાદ સાંજના આઠ ટ્રાફિક પોલીસ કર્મચારીઓ ફરજ બજાવવાની હોય છે. પરંતુ આ કર્મચારીઓ માત્ર કોઇ રાજકીય નેતા આવવાના હોય ત્યારે પોતાની ખંતતાથી ફરજ નિભાવતા જાવા મળે છે. નહી તો માત્ર બ્રિગેડના કર્મચારીઓ સિવાય કોઇ પોઇન્ટ પર દેખાતા નથી બોક્સ - ઉચ્ચ અધિકારી સીસીટીવી કેમેરા ચેક કરે તો ટ્રાફિક પોલીસની પોલ ખુલ્લી પડે વડોદરા શહેરમાં દરેક ચાર રસ્તા પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યાં છે. જેમાંથી પોલીસ દ્વારા ટ્રાફિક નિયમના ભંગ કરનાર લોકોને મેમા મોકલવામાં આવે છે. ત્યારે જો આ સીસીટીવી કેમેરાથી ટ્રાફિક કર્મચારીઓ સમયસર પર પોઇન્ટ પર આવે છે કે નહી તેની ચકાસણી કરાય તો સરકારી કર્મીઓની ખુલ્લી પડે તેમ છે.

જો તપાસ સમયમર્યાદા પહેલા પૂર્ણ થાય તો તાત્કાલિક ચાર્જશીટ રજૂ કરવી

ગુજસીટોક કેસમાં આરોપી સામે ચાર્જશીટ માટે 90 દિવસની મુદત વધારી અપાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરામાં ગુજસીટોક અધિનિયમ હેઠળ નોંધાયેલા ગંભીર ગુનામાં અદાલતે ચાર્જશીટ રજુ કરવાની મુદતમાં વધારો કર્યો છે. મકરપુરા પોલીસ સ્ટેશનમા નોંધાયેલા ગુનામાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર આર.એન. પંડ્યાએ વધુ તપાસ માટે સમયવધારો માગતી અરજી કરી હતી. અરજી પર સુનાવણી દરમ્યાન આરોપીને વીડિયો કોન્ફરન્સ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં આરોપીએ તાત્કાલિક ચાર્જશીટ રજૂ કરવા મૌખિક રજૂઆત કરી હતી. બીજી તરફ પ્રોસિક્યુશને ગુજસીટોક અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 187નો ઉલ્લેખ કરી વધુ સમયની માંગણી કરી હતી. તપાસ દરમ્યાન સામે આવ્યું છે કે આરોપીઓ વિરુદ્ધ અગાઉના 82 ગુનાઓ ઉપરાંત તપાસમાં વધુ 13 ગુનાઓ સામે આવ્યા છે, જેના કારણે કુલ 95 જેટલા ચોરી, લૂંટ અને શારીરિક ગુનાઓની નોંધ છે. અત્યાર સુધી 147 જેટલા સાક્ષીઓના નિવેદનો નોંધવામાં આવ્યા છે. જ્યારે હજી 20 ફરીયાદી અને 23 અધિકારીઓના નિવેદનો નોંધવાના બાકી છે. પોલીસ દ્વારા સયાજીગંજ, રાવપુરા, સમા, વારસિયા, કારેલીબાગ, પાણીગેટ, ફતેગંજ, મકરપુરા સહિત વડોદરા શહેર અને ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત હિંમતનગર, ગોધરા, ગાંધીનગર અને મધ્યપ્રદેશમાં પણ તપાસ કરવામાં આવી રહી છે. આરોપીઓ રીઢા ગુનેગાર હોવાનું અને મુદામાલ અંગે પૂરતી માહિતી ન આપતા હોવાથી ઊંડાણપૂર્વક તપાસ જરૂરી હોવાનું જણાવાયું છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને સ્પેશિયલ ગુજસીટોક અદાલતે અરજી અંશતઃ મંજૂર કરી આરોપી સામે ચાર્જશીટ રજૂ કરવા માટે 22 જૂન 2026 સુધીનો સમય વધારી આપ્યો છે. સાથે જ અદાલતે સૂચના આપી છે કે જો તપાસ સમયમર્યાદા પહેલા પૂર્ણ થાય તો તાત્કાલિક ચાર્જશીટ રજૂ કરવી. આ હુકમ સ્પેશિયલ જજ ગુજસીટોક વિકુલ કનુપ્રસાદ પાઠક દ્વારા ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો હતો.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેમઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો અને સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૧૨૧૦૮૦૭૯	હોમ લોન	૧. પરમાર ભરતસિંહ ૨. પરમાર કૈલાશબેન	૨૬.૦૨.૨૦૨૬	રૂા.૪,૯૪,૭૭૬.૭૬/–

તમામ ભાગ અને હિસ્સો ધરાવતુ ગામતળની જમીનમાં આવેલ રહેણાંકનું પાકુ ઘર કે જેનો ગ્રામ પંચાયત મિલકત નં. ૧/૯૬/૩ મિલકતનું માપ ૫૯૮.૦૦ ચો. ફુટ, ગામ. ગોરજ (ડોલાપુરા), તાલુકા. વાઘોડિયા, જી. વડોદરા, ગુજરાત –૩૯૧૭૬૧ ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પૂર્વ તરફ** : પોતાનો વાડો, **પશ્ચિમ તરફ** : જાહેર રોડ ,**ઉત્તર તરફ** : બળવંતસિંહ કાલુ નું ઘર, **દક્ષિણ તરફ**, : અર્જુનભાઈ સોમાભાઈ નું ઘર આવેલ છે.

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૨૧.૦૪.૨૦૨૬
સ્થળ : વડોદરા,ગુજરાત

વડોદરા પાલિકા દ્વારા પશ્ચિમ ઝોનમાં સ્વચ્છતાની કામગીરી તેજ બનાવાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના પશ્ચિમ ઝોનમાં નાગરિકોની સુવિધા અને માળખાગત સુધારા માટે વ્યાપક કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ખાસ કરીને વોર્ડ નં. 10, 11 અને 12 માં નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વિવિધ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. વહીવટી વોર્ડ નં. 11 માં સમાવિષ્ટ નારણપુરા વિસ્તારના રહેવાસીઓની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને, પાલિકાએ રસ્તાઓના સમારકામ પર વિશેષ ભાર મૂક્યો છે. આ કામગીરી અંતર્ગત અટલાદરા હોમિક્સ પ્લાન્ટ ખાતેથી આશરે 15 મેટ્રિક ટન જેટલો જથ્થો મંગાવવામાં આવ્યો હતો. જેનો ઉપયોગ કરીને માર્ગો પર પડેલા ખાડાઓનું સમારકામ, રોડ લેવલિંગ અને પેચવર્કનું કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવ્યું છે, જેનાથી વાહનચાલકોને મોટી રાહત મળી છે.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ.

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 802, નટરાજ રુસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - 400069.
ગોધરા શાખાઃ શોપ નં. 3, પ્રથમ માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ - 389001 (ગુજરાત)

પરિશિષ્ટ IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જ્યારે, અધોહસ્તાક્ષરકર્તા 'સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002' હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને કલમ 13(12) સાથે વંચાતા સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાની રૂએ, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ લેણદાર(ઓ) / જામીનદાર(ઓ)ને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવવા માટે માંગણી નોટિસ(ઓ) જારી કરવામાં આવી હતી. લેણદાર રકમ પરત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી લેણદાર(ઓ)/ જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ ઉક્ત અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (4) સાથે વંચાતા સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. લેણદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે. લેણદાર અને ખાસ કરીને સામાન્ય જનતાને આથી મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેના કોઈપણ વ્યવહાર AHFLના નીચે મુજબના ચાર્જ અને તેના પરના વ્યાજને આધીન રહેશે.

ક્રમ નં.	લેણદાર(ઓ)/સહ-લેણદાર(ઓ) ના નામ (શાખાનું નામ)	સુરક્ષિત અસ્કયામતનું વર્ણન (સ્થાવર મિલકત)	માંગણી નોટિસની તારીખ અને રકમ	કબજાની તારીખ
1	(લોન કોડ નં. 17610000241/ ગોધરા શાખા) ઇરફાન શૌકતભાઈ સૈયદ (લેણદાર) ફરીદાબાનુ સૈયદ (સહ-લેણદાર)	મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર, પ્લોટ નં. 13 પૈકી ઉત્તર બાજુ, અમન સોસાયટી, ખાડી ફળિયું, અહમદ રઝા મસ્જિદ પાસે, અમદાવાદ રોડ, પ્લોટ નં. 13 પૈકી ઉત્તર બાજુ, ગોધરા, પંચમહાલ, ગુજરાત - 389001. સીમાઓઃ પૂર્વ - આર.એસ મો. 887, પશ્ચિમ - રોડ, ઉત્તર - પ્લોટ નં. 12, દક્ષિણ - પ્લોટ નં. 13 પૈકીની જમીન	10-07-2025 અને ₹ 12,81,678/-	19-04-2026

સ્થળઃ ગુજરાત
તારીખઃ 21-04-2026

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

પ્રાઈમ કો.ઓ.બેંક લી.

(હાથીખાના શાખા, સરદાર વલ્લભભાઈ પટેલ માર્કેટ યાર્ડ, ફતેપુરા, વડોદરા)

(નિયમ ૮ (૬) ની જોગવાઈ જુઓ)

સ્થાવર સંપત્તિના વેચાણ માટેની નોટીસ

ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાનિશ્યલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના રૂલ્સ ૮ (૬) ની જોગવાઈ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ (એન્ફોર્સમેન્ટ), ૨૦૦૨ હેઠળ સ્થાવર અસ્ક્યામતની વેચાણ નોટિસ, આથી જાહેર જનતાને અને ખાસ કરીને કરજદારો અને જામીનદારોને નોટિસ આપવામાં આવે છે કે બેન્કને મળેલ સત્તાની રૂએ પ્રાઈમ કો.ઓ.બેન્ક લી.(બરોડા ટ્રેડર્સ કો.ઓ.બેન્ક મર્જ વિથ પ્રાઈમ કો.ઓ.બેન્ક)ની બાકી માટે નીચે જણાવેલ સ્થાવર મિલકતનો અધિકૃત અધિકારી દ્વારા ભૌતિક (ફિઝીકલી) કબજો લેવામાં આવેલ છે અને નીચે સંક્ષિપ્ત વિગતો મુજબ "જ્યાં છે", "જે છે" અને "જેમ છે તે" ના આધારે વેચવામાં આવશે.

અનુક્રમ નં. (એ)	દેવાદાર/સહદેવાદાર/જામીનદારોના નામ અને લોન એકાઉન્ટ નંબર (બી)	ટાંચમાં લીધેલ મિલકતની વિગત (સી)	બાકી રકમ (ડી)	અનામતની કિંમત જમા કરાવવાની બાનાની રકમ (ઈ)	મિલકત નિરીક્ષણની તારીખ અને સમય (એફ)	હરાજી તારીખ, સમય અને સ્થળ (જી)
૧.	દેવાદાર/સહદેવાદારો મહેન્દ્રકુમાર હીંમતલાલ પ્રજાપતિ મીનાબેન મહેન્દ્રભાઈ પ્રજાપતિ નીરજકુમાર મહેન્દ્રભાઈ પ્રજાપતિ જામીનદારો મોહમદસીદીક ગુલામહુસેન યાકુબવાળા મોહમ્મદસલીમ ઈબ્રાહીમભાઈ જોજનવાલા A/C No. - 1041 4008	રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ : વડોદરા, રજીસ્ટ્રેશન સબ ડિસ્ટ્રીક્ટ : વડોદરા વિભાગ-૧ ના વડોદરા કસ્બાના શિયાબાગ વિસ્તારમાં કુંભારવાડામાં પ્રજાપતિના મહોલ્લામાં આવેલી મિલકત કે જે ખંડેરાવ માર્કેટની પાછળ આવેલી છે, અને જે વિભાગ-બી માં ટીકા નં ૧૬/૧ ના સીટી સર્વે નં. ૭૦ વાળી આવેલી છે તે ૮૦-૨૬-૮૪ ચો.મી. વાળી જમીનમાં આવેલ ત્રણ મજલીવાળી મિલકત કે જેનો મ્યુનિ.સેન્સસ નં.-ઈ-૦૯-૦૩૫-૦૦૦-૦૦૦-૧૦૪ છે અને તે મિલકતનો પ્લોટેડ એરીયા ૮૬૩.૫૯ ચો.ફૂટ છે તથા જે મિલકતના ભોયતળિયાના ભાગે ૪૩૯.૪૪ ચો.ફુટ, પ્રથમ મંજલે ૪૩૯.૪૪ ચો.ફુટ તથા બીજા મંજલે ૪૩૯.૪૪ ચો.ફુટ મળી ત્રણ મંજલી મિલકતનું મળીને કુલ્લે મળીને બાંધકામ ૧૩૧૮.૩૨ ચો.ફુટ છે તે મિલકત મહેન્દ્રકુમાર હીંમતલાલ પ્રજાપતિ, મીનાબેન મહેન્દ્રભાઈ પ્રજાપતિ, નીરજકુમાર મહેન્દ્રકુમાર પ્રજાપતિની માલીકીની છે.	રૂા. ૩૨,૧૩,૩૦૪.૫૮ પુરા તા.૧૯/૦૪/૨૬ ના રોજ સુધીની બાકી રકમ + ચઢત વ્યાજ અને ખર્ચ સહીત.	રીઝર્વ કિંમત રૂ.૨૫,૦૦,૦૦૦/- (EMD રકમ) રૂા.૨,૫૦,૦૦૦/- બીડ વૃધ્ધિ રકમ : ૧૦,૦૦૦/-	નિરીક્ષણની તારીખ : ૨૮/૦૪/૨૦૨૬ સમય - બપોરે ૩ થી ૫:૩૦ દરમ્યાન	હરાજીની તારીખ : ૨૨/૦૫/૨૦૨૬ સમય - સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ સુધી (હરાજીનું સ્થળ : હાથીખાના બ્રાન્ચ)

ગીરો મુકનારને તારીખ : ૨૧/૦૫/૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ વાગ્યા સુધી બાકી રકમ તથા તેના પરનું વ્યાજ અને તમામ ખર્ચ સહિત રકમો ભરી જવા માટે છેલ્લી તક આવપામાં આવે છે જો તેમ નહીં થાય તો ગીરો મિલકત તેના નક્કી કરવામાં આવેલ કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે.

ઈચ્છુક બીડરોએ ઉપરોક્ત જણાવેલ બાનાની રકમ જે કોલમ (ઈ) માં જણાવેલ છે તેની સાથે મીલકતની પ્રપોઝ ઓફરની રકમ સાથે સીલ બંધ કવરમાં પ્રાઈમ કો.ઓ.બેન્ક લી. હાથીખાના શાખા, સરદાર વલ્લભભાઈ પટેલ માર્કેટ વોર્ડ, ફતેપુરા, વડોદરા ખાતે તારીખ : ૨૧/૦૫/૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા પહેલા મળે તે રીતે જમા કરાવવાની રહેશે.ડી.ડી.ની રકમ "Prime Co-op.Bank Ltd." ના નામનો બનાવવાનો રહેશે અને એનઈએફટી / આરટીજીએસના મધ્યમથી બેન્કમાં જમા કરાવવા અને નિરીક્ષણ, હરાજીની શરતો અને નિયમો, ટેન્ડર સુપ્રત કરવા, વિગેરે અંગેની વધારે સ્પષ્ટતા માટે પ્રાઈમ કો-ઓ.બેન્કના કર્મચારીના ફોન નંબર : ૯૯૭૪૧-૪૫૦૨૩ ઉપર સંપર્ક કરવો.

વેચાણની શરતો અને નિયમોની વધારે માહિતી જોઈતી હોય તો પ્રાઈમ કો-ઓ.બેન્કની વેબસાઈટ https://prime.bank.in પર જવું.

તારીખ : ૨૦/૦૪/૨૦૨૬
સ્થળ : વડોદરા

અધિકૃત અધિકારી
પ્રાઈમ કો.ઓ.બેન્ક લી.